ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૧૨-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### દિલ્હીમાં ઝેરનાં પારખાં?

દિલ્હી વિધાનસભાની ત્રિશંકુ પરિસ્થિતિને કારણે એક વિચિત્ર પ્રકારની મૂંઝવણ સરજાવા પામી છે. કોંગ્રેસના હાથમાંથી સરી ગયેલી સત્તા શાપિત કન્યાની જેમ નથી ભાજપને સ્વીકાર્ય કે નથી આમ આદમીને માન્ય. કોઈએ ભાગ્યે જ કલ્પના કરી હશે કે આટલી પ્રચંડ પ્રચાર ઝુંબેશ પછી દિલ્હીનું મયૂરાસન કુંવારું રહેશે! શીલા દીક્ષિતે પૂરી ત્રણ ટર્મ સુધી ધરાઈને ભોગવેલી સત્તાએ એમનાથી રૂસણાં લીધાં છે. માંડ આઠ જ બેઠકો મેળવીને કોંગ્રેસ મોં પણ ન બતાવી શકે એવી શરમજનક હાર પામી છે. શીલા દીક્ષિતના ચેહાર પર રાતોરાત વૃદ્ધાવસ્થા ફૂટી નીકળી છે. પ્રજાની નાડ પારખવામાં નિષ્ફળ નીવડેલાં આ સંભ્રાંત નેત્રીએ છંછેડાઈને 'અમે તો બેવકૂફ છીએ ને!' જેવું કડવું વિધાન કર્યું હતું. વળતે દિવસે એમણે દિલ્હીની હાર તે પોતાની નહીં પરંતુ કોંગ્રેસની હાર હોવાની રજૂઆત કરી થાબડભાણાં કરી રહેલ કોંગ્રેસના પ્રવકતાઓને લપડાક મારી છે. પોતે ગમે તેટલાં વિકાસ કાર્યો કર્યાં પરંતુ કેન્દ્ર સામેના પ્રજાના રોષ અને આક્રોશનો ભોગ બનવું પડ્યું એ મતલબના શીલા દીક્ષિતના અર્થઘટનમાં ઘણું વજૂદ લાગે છે. હવે જ્યારે શીલા નામની પ્રચંડ શિલાને ખસેડી દેવામાં વિરોધી રાજકીય પરિબળોને ધાર્યા કરતાં અદકેરી સફળતા સાંપડી છે ત્યારે સરકાર કોણ બનાવે અને કેવી રીતે બનાવે તે પ્રશ્ન ઊભો થયો છે. ભાજપને દિલ્હી કબજે કરવાની ભારે હોંસ હતી. પરંતુ સિત્તેર સભ્યોની વિધાનસભામાં સત્તા પર આરૂઢ થવા માટે જરૂરી છત્રીસનો જાદુઈ આંકડો હાંસલ કરવામાં એને ચાર સભ્યોની ખોટ પડી છે. બત્રીસના આંકડે અટકી ગયેલા ભાજપને શિરોમણિ અકાલી દળના એક સભ્યનો ટેકો મળે તો પણ ત્રણ સભ્યો 'તોડવા' પડે એમ છે! આ જોડતોડના રાજકારણમાં કોંગ્રેસ અને ભાજપને કોઈએ કશું શીખવવું પડે એમ નથી. ચૂંટણીના દિવસોમાં જ્યારે 'આપ'પાર્ટી જોર લગાવવા લાગી ત્યારે ભાજપના ખેલંદાઓ તરફથી એના કેટલાક ઉમેદવારોને આવા સંકેત પાઠવવામાં પણ આવ્યા હતા. એ મુદ્દે 'આપ'નાં અંતરંગ વર્તુળોમાં ઊહાપોહ પણ સરજાયો હતો. અરવિંદ કેજરીવાલ અને એમના બોલકા સાથીઓએ કોંગ્રેસ અને ભાજપ- બેઉને એક જ સિક્કાની બે બાજુ જેવા, કોઠાંકબાડાં કરનારા ભ્રષ્ટ રાજકીય પક્ષો ગણાવ્યા હતા. ચૂંટણીમાં આમ આદમીનો હણહણતો અશ્વ પણ અઠ્ઠાવીસના આંકડે આવીને અટકી જતાં કેજરીવાલ માટે દિલ્હીના મુખ્યમંત્રી બનવાનું સપનું સાકાર થઈ શક્યું નથી, તો સામે ભાજપના મુખ્યમંત્રીપદના ઉમેદવાર ડૉ. હર્ષવર્ધન માટે પણ સત્તાની ખુરશી એક વેંત છેટી જ રહી ગઈ છે. કોંગ્રેસ તો સાવ જ ધોવાઈ અને ખોવાઈ ગઈ હોવા છતાં જે ત્રેખડ સરજાયું છે તે જોઈને જરૂર રાજીપો અનુભવતી હશે. તોડફોડનું રાજકારણ કરીને ભાજપ સત્તા હાંસલ કરવા નથી માગતો, એમ કોંગ્રેસનો ટેકો લઈને અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી બની જવા નથી માગતા. બેઉ માટે પોતાની ચામડી બચાવવાનો સવાલ સરજાયો છે. બેઉ ચોખલિયાવેડા કરી રહ્યા છે, જેથી પ્રજા માનસમાં પોતે સત્તા ખાતર સગવડિયું રાજકારણ રમી લીધું અને સિદ્ધાંતો નેવે મૂકી દીધા- એવો આક્ષેપ ન થાય. આથી ભારે મૂંઝવણભરી સ્થિતિ સરજાવા પામી છે. કોંગ્રેસ કેજરીવાલને બહારથી ટેકો આપવા તૈયાર પણ છે, જેથી એક કાંકરે બે પક્ષી મારી શકાય. આગામી લોકસભાની ચૂંટણી સુધીમાં 'આપ'ની ઈમેજ ખતમ થઈ જાય અને ભાજપને હાલ સત્તા પર આવતો અટકાવી શકાય. રામજેઠમલાણી અને કિરણ બેદીએ ભાજપ અને 'આપ'- બેઉ પક્ષોએ સમજૂતી કરીને સરકાર બનાવવી જોઈએ એવો અભિપ્રાય દર્શાવ્યો છે. એમની દલીલ એવી છે કે પ્રજાએ મૂળે તો કોંગ્રેસ વિરોધી મૅન્ડેટ આપ્યો છે. પરંતુ એમની આ ફૉર્મ્યુલા કેજરીવારને કબૂલ નથી. કેજરીવાલ માટે ભાજપ પણ કોંગ્રેસ જેટલો જ ભ્રષ્ટ રાજકીય પક્ષ છે. એની સાથે જોડાણ કરીને તેઓ સત્તા મેળવવા કરતાં વિપક્ષમાં બેસી બીજી ચૂંટણી સુધી રાહ જોવાનું પસંદ કરશે. કેજરીવાલ સમજે છે કે જે પાર્ટી સામે બેશુમાર આક્ષેપો કર્યા હોય એના ટેકાથી સત્તા પર આવવું એ કરતાં લોકો પાસે ફેરવારકા પહોંચી જઈ સત્તા માટે જરૂરી સ્પષ્ટ મેન્ડેટ માગવામાં જ નવીસવી સિદ્ધાંતને વરેલી પાર્ટીનું શ્રેય છે. ભાજપે જ એને વિવિધ પ્રકારના કાવાદાવા દ્વારા બદનામ કરીને સત્તા સુધી પહોંચતી અટકાવી છે. નરેન્દ્ર મોદીએ તો એમની જાહેરસભાઓમાં કેજરીવાલને ટાર્ગેટ કરી આકરા કટાક્ષો કર્યા હતા કે જે અણ્ણાનો ન થયો તે તમારો ક્યાંથી થવાનો છે? કેજરીવાલના ઉત્સાહી સાથીદારો આગામી લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની છવ્વીસે છવ્વીસ બેઠકો પર ઉમેદવારો ઊભા કરી ખુદ મોદીને જ પડકારવા માગે છે ત્યાં ભાજપ સાથે જોડ-તોડ કરવા થોડા તૈયાર થાય? રાજકારણમાં ભાગ્યે જ જોવા મળે એવી 'પહલે આપ' વાળી પરિસ્થિતિ સરજાઈ છે. સત્તા પર બેસવા જ માગતા હોય તો બેઉને પોતપોતાની રીતની અનુકૂળતાઓ છે. હર્ષવર્ધનને સૌથી મોટી પાર્ટીના નેતા તરીકે ઉપરાજયપાલ સરકાર રચવાનું નિમંત્રણ આપશે, પરંતુ હાઉસના ફ્લોર પર એમને નાક કપાવાની ભીતિ છે તેથી તેઓ જોખમ ખેડતાં અચકાઈ રહ્યા છે. કેજરીવાલનો ઘડોલાડવો કરવા માટે બેઉ રાષ્ટ્રીય પક્ષો ટાંપીને બેઠા છે, એટલે એ પણ વિરોધ પક્ષે જ બેસવાની મક્કમ જાહેરાત કરી ચૂક્યા છે. મૂળે તો બેઉ 'વિજેતાઓ' માટે સત્તાનું સિંહાસન કાંટાળું સાબિત થવાની શકયતા સરજાઈ છે. ભાજપ નવી વ્યૂહરચના વિચારી રહ્યું છે- જો આગામી લોકસભાની સાથે જ દિલ્હી વિધાનસભાની નવેસરથી ચૂંટણી યોજાય તો નરેન્દ્ર મોદીના નામે એ તરી જવાની આશા રાખે છે. આમ આદમી પાર્ટી નરેન્દ્ર મોદીની આંધી સામે પણ ટકી રહેવા કૃતસંકલ્પ છે. એટલે એ કોંગ્રેસના ટેકાથી સત્તા કબજે કરવા તૈયાર નથી એમ ભાજપ સાથે ભાગીદારી કરવા પણ સહમત નથી.

# ખેલ મહાકુંભ ૨૦૧૩ની ખોખો સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલયનો ડંકો વાગ્યો

## જિલ્લા કક્ષાએ અન્ડર-૧૬ અને એબોવ-૧૬ની ટીમો પ્રથમ સ્થાને તેમજ અન્ડર-૧૬ની બી ટીમ દ્વિતીય સ્થાને વિજેતા બની

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેકટર-૭ ખાતે આવેલી ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમોએ ખેલ મહાકુંભમાં ખોખોની



રમતમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી વિવિધ કેટેગરીમાં પ્રથમ અને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાનો ડંકો વગાડી દીધો હતો.

તાજેતરમાં ચાલી રહેલ રાજય સરકાર આયોજિત ખેલ મહાકુંભ અત્યારે રાજયભરમાં ધૂમ મચાવી રહ્યો છે. રાજયની ખેલ પ્રતિભાઓને યોગ્ય તક મળે તો અનેક આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડી રત્નો જે ગરવી ગુજરાતની ધરામાં ધરબાયેલા પડયા છે તેને શોધીને બહાર લાવી શકાય તે હેતુથી શરુ કરાયેલા આ ખેલ મહાકુંભમાં વિવિધ શાળાના ખેલાડી બાળકો ખુબ જ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. ગાંધીનગર શહેરમાં પણ અનેક સંસ્થાઓમાં આ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓનું આયોજન થઈ રહ્યું છે. તેમજ શહેરની અનેક સ્કુલના બાળકો તેમાં ભાગ લઈ રહ્યા છે. સેકટર-૭ ખાતે આવેલ ખ્યાતનામ જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બાળાઓ પણ આમાંથી બાકાત નથી. વિવિધ સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી આ વિદ્યાર્થીનીઓએ શાળાનું નામ ઉજાળ્યું છે. તા. ૯મી ડિસેમ્બરે મહાત્મા વિદ્યામંદિર સે-૧૬ ખાતે યોજાયેલી ખો-ખોની સ્પર્ધામાં જિલ્લા કક્ષાની વિવિધ કેટેગરીમાં આ શાળાના ખેલાડીઓની ટીમે જવલંત સફળતા પ્રાપ્ત કરી હતી.

ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમોએ ખો-ખોની અન્ડર-૧૬ અને એબોવ-૧૬ની બંને કેટેગરીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત અન્ડર-૧૬ની બી ટીમે પણ શાનદાર દેખાવ કરતા દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આમ ચૌધરી કન્યા વિદ્યાલયની ત્રણ ત્રણ ટીમોએ જિલ્લા કક્ષાએ પ્રથમ અને દ્વિતિય સ્થાનોએ વિજેતા બની ખેલ મહાકુંભમાં ડંકો વગાડી દીધો હતો. શાળા પરિવાર અને આચાર્યા સંતોકબેન ચૌધરી તેમજ વ્યાયામ શિક્ષિકા લીલાબેન ચૌધરીએ તમામ સ્પર્ધકોને અભિનંદન તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી. વિજેતા તમામ ટીમો હવે રાજય કક્ષાએ રમવા જશે.

## હરિની દ્રષ્ટિ...



*હવે પૈસા નથી...? હવે થોડા દી જ ... ચૂંટણી આવે જ છે....!*

# ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૩માં આર.જી. પટેલ કન્યા શાળાનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી શ્રીમતી આર.જી. પટેલ એન્ડ શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ શાળાની વિદ્યાર્થીનીઓએ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૩ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ૧૦૦ ટકા પરિણામ હાંસલ કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૩ની બોર્ડની પરીક્ષામાં જિલ્લાનું પરિણામ ૯ ટકાથી વધુ આવ્યું છે. આ પરીક્ષામાં સે-૨૩ના કડી કેમ્પસમાં આવેલી આર.જી. પટેલ કન્યા શાળાએ પણ ૧૦૦ ટકા રીઝલ્ટ મેળવી ગૌરવ પૂર્ણ સ્થાન મેળવેલ છે. શાળાની કુલ ૧૨૨ વિદ્યાર્થીનીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો તેમાંથી તમામ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થઈ હતી. આ પરીક્ષાર્થીઓમાં ગૃપ-બીમાં કુ. દરમિકા રાઠવાએ ૮૭.૮૦ ટકા સાથે પ્રથમ સ્થાન, કુ. આરતી દેસાઈએ ૮૨.૬૦ ટકા સાથે દ્વિતીય અને કુ. અસ્મિતા પરમારે ૮૨ ટકા સાથે તૃતીય સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત એ ગૃપમાંથી કુ. દિયા મોરીએ ૭૪ ટકા સાથે પ્રથમ, કુ. મયુરિકા સોયાંતરે ૭૩.૬૦ ટકા સાથે દ્વિતિય અને કુ. અંકિતા સુથારે ૭૩ ટકા સાથે તૃતીય સ્થાન મેળવ્યું હતું.

# વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૩માં સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરે ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું

## એ-૧ ગ્રેડમાં ૧૩ અને એ-૨ ગ્રેડમાં ૪૦ વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા લેવાયેલ ઓકટોબર-૧૩ વિજ્ઞાનપ્રવાહ થર્ડ સેમેસ્ટરનું પરિણામ જાહેર થતા સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર સરગાસણના વિદ્યાર્થીઓ ઝળકી ઉઠ્યા છે.

શહેરમાં સરગાસણ ખાતે આવેલી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર એક સરસ્વતીનું ધામ બની ગયું છે. સ્કૂલના વિદ્યાર્થીઓ બોર્ડમાં ઝળકી ઉઠ્યા છે. ત્યારે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧૩ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ, તેમજ ૪૦ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવ્યો છે. ત્યારે સ્કૂલમાં શિક્ષણ યોગ્ય રીતે પિરસવામાં આવે છે તેની પ્રતિતી થાય છે.

સહજાનંદ સ્કૂલના વિદ્યાર્થીઓએ ગ્રેડ મેળવવાની સાથે કેમેસ્ટ્રી વિષયમાં ૨૪ વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. જ્યારે ગણિતમાં ૪ વિદ્યાર્થીઓ અને ભૌતિકશાસ્ત્રના ૫ વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી સ્કૂલનું ગૌરવ વધારેલ છે.

વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩નું પરિણામ જાહેર થતા જ સહજાનંદ સ્કૂલમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ આવવાથી શાળા પરિવારે ખુશી વ્યક્ત કરી છે.

## સિદ્ધાર્થ લૉ કોલેજમાં એલએલબીના વર્ગો શરૂ

ગાંધીનગરમાં સેક્ટર-૧૬ ખાતે આવેલી સિદ્ધાર્થ લૉ કોલેજમાં એલ.એલ.બી.ના વર્ગો તા. ૨જી ડિસેમ્બરથી નિયમિત શરૂ થઈ ગયેલ છે. આ માહિતી આપતા કોલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ વિદ્યાર્થીઓને વર્ગોમાં હાજર રહેવા તાકીદ કરેલ છે.

## સેંટ ઝેવિયર્સ સ્કૂલના બાળકોએ ત્રિમંદિર ખાતે એક દિવસીય પ્રવાસ માણ્યો

સેકટર-૮ ખાતે આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે અડાલજ પાસે આવેલા ત્રિમંદિર ખાતે એક દિવસીય પ્રવાસે ગયા હતા. ત્રિમંદિર ખાતે બાળકો સિમંધર સ્વામીની ભવ્ય પ્રતિમા જોઈ અભિભૂત થયા હતા અને તેઓ પૂજય દિપકભાઈનું પ્રવચન સાંભળી જીવન જીવવાના પાઠ શીખ્યા હતા. શાળામાં ભણતરની સાથે સાથે ઈતર પ્રવૃત્તિનું પણ મહત્વ હોય છે તેવા હેતુથી આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું.

# આદર્શ નિવાસી શાળા (વિ.જા.)નું ગૌરવ

ગાંધીનગર, તા.૧૦

ખેલ મહાકુંભ-૧૩ પુરબહારમાં ખીલી ઉઠયો છે. શહેર જિલ્લા અને તાલુકાની શાળાના વિદ્યાર્થીઓની સિધ્ધીઓ ઉડીને આંખે વળગી છે ત્યારે શહેરની આદર્શ નિવાસી શાળા (વિ.જા. કુમાર) ના વિદ્યાર્થીઓએ પણ પોતાનું કૌવત બતાવતા કબડ્ડી, લાંબી કુદ, દોડ, બરછીફેંક, ઉંચી કુદ અને ગોળાફેંક સ્પર્ધામાં ઝોન કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો છે. તમામ ખેલાડીઓ મહાનગર કક્ષાએ ભાગ લેશે તેમજ ખેલાડીઓને જિલ્લા નાયબ નિયામક ગુરૂન્ગ સાહેબે અભિનંદન આપી બિરદાવ્યા છે.

# ગુજરાત યુનિવર્સિટીના સેનેટ-વેલફેર સભ્યો શૈક્ષણિક પ્રવાસે આજે ગોવા રવાના થયા

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક પ્રવાસ આજરોજ વેલફેર સભ્ય અને સેનેટ સભ્યો માટે આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટી અને સરકાર દ્વારા સભ્યો માટે ગોવાનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગરના યુવાન એડવોકેટ તેમજ ગુજરાત યુનિવર્સિટીના વેલફેર સભ્ય પ્રતિકસિંહ શંકરસિંહ ગોહિલ પણ આ પ્રવાસમાં જોડાયા છે. ઉલ્લેખનીય છે કે આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન છેલ્લે ૨૦૦૩માં કરવામાં આવ્યું હતું. જ્યારે દસ વર્ષ બાદ આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

# મ્યુનિ. સ્કુલ બોર્ડ શાળાઓમાં ૧૧થી બાળ રમત ઉત્સવ થશે

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં ખેલમહાકુંભ યોજવા જઈ રહ્યો છે ત્યારે અમદાવાદ મ્યુનિ. સ્કુલ બોર્ડ સંચાલિત તમામ શાળાઓમાં આગામી ૧૧ અને ૧૨ ડિસેમ્બરના રોજ બાળ રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સ્કુલ બોર્ડની શાળાઓમાં ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતા બાળકો ભાગ લઈ શકશે. આ ઉપરાંત ૧૩મી ડિસેમ્બરના રોજ સ્કુલ બોર્ડની તમામ ૪૫૦ શાળાઓમાં સરદાર બાળમેળો યોજવાનો છે.

આ અંગે અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન જગદીશ ભાવસારે, જણાવ્યું હતું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતાં નાના ભૂલકાઓમાં રમત-ગમતના માધ્યમ દ્વારા સતર્કતા, એકાત્મતા, એકાગ્રતા અને સક્રિયતા નિર્માણ થાય, બાળકો રમત ગમતના મહત્વને જીવનમાં આત્મસાત કરે તે હેતુને ધ્યાનમાં રાખી ૧૧,૧૨ ડિસેમ્બરના રોજ ધો-૧ થી ૫ની તમામ શાળાઓમાં બપોરે ૩-૦૦ કલાક પછી વાલીઓની ઉપસ્થિતિમાં બાળ રમોત્સવ યોજવામાં આવશે. ૧૨ ડિસેમ્બરના રોજ રન ફોર યુનિટીના સંદેશને બાળકો સુધી પહોંચાડવા ધો-૫ના બાળકોની ૧૦૦ મીટર દોડની સ્પર્ધા પણ યોજાશે.

સમિતિના ચેરમેન જગદીશ ભાવસારે વિગતોમાં વદુમાં જણાવ્યું હતું કે ૧૩ ડિસેમ્બરના રોજ શિક્ષણ સમિતિની તમામ ૪૫૦ શાળાઓમાં સરદાર બાળમેળો યોજવામાં આવશે. આ સરદાર બાળમેળામાં જુદા જુદા વિષયો પર બાળકોમાં રહેલી સર્જનાત્મક શક્તિઓ બહાર લાવવાનો પ્રયાસ હાથ ધરાશે. આ બાળમેળામાં ધોરણ ૧ થી ૫, ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૧ થી ૮ એમ ત્રણ વિભાગોમાં બાળમેળા અંતર્ગત, અલગ અલગ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

# સામાન્ય જરૂરિયાત અને છાત્રાલય જીવન

**કેમ્પસ**
*- ધ્વનિલ પારેખ*

વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન છાત્રાલય જીવન એક અગત્યનો હિસ્સો ગણાય છે અને ઘણા વિદ્યાર્થીઓ એ હિસ્સાનો લાભ લઈને પોતાનું ભણવાનું પૂરું કરતા હોય છે. આપણે ત્યાં એક એવી વ્યવસ્થા છે કે જે તે કોલેજ કે યુનિવર્સિટીના છાત્રાલયો ઉપરાંત વિવિધ સંપ્રદાય કે સમાજનાં છાત્રાલયો પણ જોવા મળે છે કે જેમાં પણ વિદ્યાર્થીઓ રહીને અભ્યાસ કરતા હોય છે. પણ કોલેજ કે યુનિવર્સિટી છાત્રાલયમાં રહીને અભ્યાસ કરવાની મજા જરા જુદી હોય છે. એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાનાં છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરનારા ઘણા સર્જકોએ એ અનુભવો વિશે પછી લખ્યું પણ છે. ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થામાં તો છાત્રાલય જીવન એક અગત્યનો ભાગ શિક્ષણનો જ ભાગ માનવામાં આવે છે અને વિદ્યાપીઠમાં અભ્યાસ કરનાર સો વિદ્યાર્થીઓ માટે એ ફરજિયાત હોય છે. સમૂહ જીવનના પદાર્થપાઠ શીખવાની તાલીમશાળઆ એ છાત્રાલય જીવન છે અને એ વિશે પણ ઘણાં પુસ્તકો લખાયાં છે.

છાત્રાલયમાં રહીને અભ્યાસ કરનાર વિદ્યાર્થીને એટલો ખ્યાલ હોય છે કે એ પોતાના ઘરે નથી રહેતો કે પછી એ કોઈ હોટલમાં રહીને અભ્યાસ નથી કરતો. હોટલ અને હોસ્ટેલમાં ભેદ છે અને એ ભેદ રહેવો પણ જોઈએ. છતાં આજે ફાઈવસ્ટાર શિક્ષણની બોલબાલા છે. વર્ગખંડો વાતાનુકૂલિત થયા છે ત્યારે હોસ્ટેલનાં રૂમો અને હોટેલના રૂમો વચ્ચે ઝાઝું અંતર રહ્યું નથી. વિદ્યાર્થી શાળા કે કોલેજમાં પણ ફાઈવસ્ટાર લકઝરી ભોગવતો હોય છે અને હોસ્ટેલમાં પણ એ પ્રકારની સગવડો ભોગવતો હોય છે. આ પ્રકારની સગવડો વચ્ચે ખરા છાત્રાલય જીવનનો અર્થ બહુ સરતો નથી અને એમાં ક્યાંય સમૂહ જીવનની ભાવના પ્રગટ થતી જ નથી. ઓછી પણ સારી અને વ્યસ્થિત સગવડો હોય તો એ પૂરતું છે. બાકી છાત્રાલયએ વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન જલસો કરવાનું સ્થાન નથી એ સમજી લેવાની જરૂર છે.

છાત્રાલય જીવન વિશે આટલું લખવાની જરૂર એટલા માટે પડી કે હમણાં અખબારમાં આવેલી વિગતો અનુસાર ગુજરાત યુનિવર્સિટીનાં ઘણા છાત્રાલયોની હાલત બિસ્માર છે. ત્રણસોથી વધુ વિદ્યાર્થીઓનાં આરોગ્ય સામે મોટો પ્રશ્ન ઉભો થાય એવી કમળી ગયેલી હાલત વચ્ચે પોતાનાં જોખમે વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહે છે. ખાસ તો જે અગત્યની જરૂરિયાત છે એ પીવાનાં પાણી પ્રશ્ને હોવાનોમળ્યો છે. દૂષિત પાણી વિદ્યાર્થી પીએ પછી એના આરોગ્ય સામે જોખમ ઊભું થાય એ સ્વાભાવિક છે. ડેન્ગ્યુ વગેરે રોગોનો ઉપદ્રવ હાલ જોવા મળે છે ત્યારે અસહ્ય ગંદકી વચ્ચે વિદ્યાર્થીઓ કેટલા દિવસ રહે? આવી સ્થિતિમાં એમણે અભ્યાસ કરવાનો હોય ત્યારે એમના અભ્યાસ ઉપર પણ એની વિપરીત અસર પડતી હોય છે. એક બાજુ પીવાનું પાણી દૂષિત, બીજી બાજુ અસહ્ય ગંદકી અને ત્રીજી બાજુ હોસ્ટેલના બિસ્માર રૂમો આ બધું વિદ્યાર્થીને દોજવ્યની યાદ અપાવે છે અને પછી અકળાયેલો વિદ્યાર્થી આંદોલનનો માર્ગ અપનાવે ત્યારે તંત્ર સફાળું જાગતું હોય છે. તંત્રને જગાવવા માટે હંમેશા આંદોલનનો જ રસ્તો અપનાવવો પડશે કે શું?

એકબાજુ વૈભવશાળી હોસ્ટેલો છે અને બીજીબાજુ બિસ્માર ગંદકીયુક્ત વાતાવરણ છે આ બંને સ્થિતિ છાત્રાલય જીવની મૂળભૂત બાબતોને સાકાર થવા દેતી નથી. આ બંને સ્થિતિમાં વિદ્યાર્થી કશું પ્રાપ્ત કરી શકતો નથી. પહેલી સ્થિતિમાં તો એણે બહુ કશું સહન કરવાનું આવતું નથી એટલે મોજમજામાં રચ્યોપચ્યો રહે છે અને એમાં વચ્ચે ક્યાંક એને પાર આવે તો એનું ભણવાનું પૂરું કરે છે. બીજી સ્થિતિમાં તો એણે માત્ર સહન જ કરવાનું છે એટલે ભણવાનું બહુ યાદ આવતું નથી. માનો કે એને ભણવાનું યાદ આવે છે તો પણ સ્થિતિ એવી નથી કે એ ભણવામાં રસ દાખવી શકે. એટલે આ બંને સ્થિતિમાં વિદ્યાર્થીનું ભણવાનું ખોરવાતું હોય છે.

છાત્રાલયમાં વિદ્યાર્થી રહેતો હોય છે જ એટલા માટે કે એ જે ગામથી કે નજીકના કસ્બામાંથી આવ્યો હોય છે ત્યાં એ અભ્યાસની સગવડ નથી અને એ બહુ ઉચ્ચ અભ્યાસ કરી શકે. છાત્રાલય એ વધુ ઉચ્ચ અભ્યાસ કરવા માટેની એક રીતે વિદ્યાર્થીને તક પૂરી પાડે છે પણ સ્થિતિ એવી નિર્માણ થતી જાય છે કે એ તક બહુ સારી રીતે પૂરી થતી નથી. બહુ સારી તો અર્થ વૈભવશાળી કરવાનો નથી પણ પીવાનાં પાણી જેવી સામાન્ય જરૂરિયાત તો પૂરી થાય ને? સામાન્ય જરૂરિયાત પૂર્ણ થાય એવાં છાત્રાલય જીવનનો જ અર્થ સરતો હોય છે અન્યથા...

# બોર્ડ પરીક્ષા ફોર્મ ભરવાના કેમ્પમાં થયેલ ભારે હાલાકી

## ફોર્મ ભરવા માત્ર પાંચ કોમ્પ્યુટર ગોઠવાતા લાંબી લાઈનો લાગી : બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા પહોંચ્યા

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના ઓનલાઈન ફોર્મ ભરવામાં બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓ માટે સોમવારથી વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓ ઉપરાંત અગાઉ ભરેલ આવેદનપત્રોમાં સુધારો કરાવવાનો હોય, પ્રિન્સીપાલ એપ્રુવલ બાકી હોય કે ફી ચલણ કઢાવવાનું રહી ગયું હોય તેવા વિદ્યાર્થીઓને કેમ્પમાં બોલાવવામાં આવ્યા છે જેમાં ગાંધીનગર ખાતે ૯ થી ૧૩ ડિસેમ્બર દરમિયાન દરરોજ પાંચ જિલ્લાના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવામાં આવ્યા છે જો કે ફોર્મ ભરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા માત્ર પાંચ કોમ્પ્યુટર રખાયા છે તેથી લાંબી લાઈનો લાગે છે અને શાળાના જ કર્મચારીઓ ફોર્મ ભરવાના કામગીરી કરવાની હોવાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

શિક્ષણ બોર્ડના આ નિર્ણય અંગે બોર્ડના સભ્ય પ્રિયવદન કરાટે જણાવ્યું હતું કે ઓનલાઈન આવેદનપત્રો ભરવા માટે કે સુધારા વધારા કરવા માટે જે કામગીરી બોર્ડમાં રૂબરૂ બોલાવી શાળાના કર્મચારી દ્વારા જ કરવામાં આવે છે, તે કામગીરી શાળા કક્ષાએ થઈ શકે તેમ હતી, આ પાંચ દિવસ બોર્ડે વેબસાઈટ ખુલ્લી મુકી હોય તો સમગ્ર રાજ્યની શાળાઓને ધરમ ધક્કો વડોદરા કે ગાંધીનગર ખાવો ન પડત તેમજ સમય, શક્તિ અને નાણાંની શાળાઓને બચત થઈ હોત, સમગ્ર રાજ્યની ૧૦ હજાર જેટલી શાળાઓમાં ૧૦ હજાર જેટલા કોમ્પ્યુટરથી જે કામગીરી થઈ શકે તેમ હતી તે પાંચ કોમ્પ્યુટરથી કરવા પડે છે, ત્યારે કેવી હાલાકી તતી હશે તે કલ્પના કરવી મુશ્કેલ છે આવી જ રીતે ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જે શાળાઓમાં ૬૬ થી વધુ વર્ગ દીઠ વિદ્યાર્થીઓ છે, તેવી શાળાઓને નોટીસ આપી શાળાના આચાર્ય અને ટ્રસ્ટીને રૂબરૂ વડોદરા ખાતે બોલાવી સુનવણી રાખી ખુલાસો માંગવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સામે આવી કોઈ કાર્યવાહી કરવાની કોઈ જોગવાઈ કે નિયમો શિક્ષણ બોર્ડમાં નથી છતાં મનસુફી રીતે આવા નિર્ણયો કરવામાં આવી રહ્યા છે.